જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૧/૨૦૧૯  સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૩૦/૧૯**

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૦૭/૧૯ ધી ઇપીકો કલમ : ૩૬૩ ૩૬૬ વિગેરે મુજબના ગુન્હાના કામે ભોગ બનનાર તેમજ આરોપીને મો.ફોન ના લોકેશન આધારે શોધી કાઢી રાજસ્થાન ખાતે થી પકડી લાવી કરેલ સારી કામગીરી :**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન.૫ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબ અને મદદનીશ પો.કમિ.શ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર તેમજ પો.ઇન્સ.શ્રી ઓ.એમ.દેસાઇ અમરાઇવાડી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદશન હેઠળ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૦૭/૨૦૧૯ ધી ઇપીકો કલમ : ૩૬૩ , ૩૬૬ વિગેરે મુજબના કામે ભોગ બનનાર ફરીયાદીની સગીરવયની દિકરી વૈશાલી ઉવ.૧૬ ને ૧ માસની ને આ કામનો આરોપી ભુદ્ર ઉદીયા કલાસવા રહે.નજરપુરા ગામ તા.ઘાટલો જિ.બાંસવાડા નાએ પોતાની પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ ટાપી જારકર્મ કરવાના ઇરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી તા.૧૩.૦૧.૧૯ ના વહેલી સવારના સાડા પાંચેક વાગે તેણીના ઘરે થી ભગાડી લઇ ગયેલ હોય જે બાબતે ઉપરોક્ત નંબરથી ગુન્હો દાખલ થયેલ જે ગુન્હાની તપાસ દરમ્યાન સદરી આરોપીના મળેલ મો.ફોન નંબર : ૯૦૨૪૦૭૯૩૫૧ નુ અવાર નવાર લોકેશન મેળવતા સદરી આરોપીનુ લોકેશન રાજસ્થાન ખાતે સાબલા તાલુકાના ગામ અરંડીયા તથા ધાની વગલીયા ગામનુ આવેલ હોય જે લોકેશન આધારે પો.સ.ઇ.શ્રી ડી.આઇ.સોલંકી તેમજ એ.એસ.આઇ.જ્વસિંહ દલાભાઇ તેમજ હેડ કોન્સ.ભરતકુમાર શકરાજી તેમજ પો.કોન્સ.મહેન્દ્રસિંહ જગતસિંહ તથા વુ.પો.કોન્સ.પુંજાબેન એ રીતેની પોલીસ ટીમ તા.૧૮.૦૧.૧૯ ના રોજ રાતના રાજસ્થાન મુકામે  તપાસમાં જવા રવાના થયેલ અને સદરી આરોપીના મો.ફોન નંબરના રાજસ્થાન મુકામે મળેલ લોકેશન આધારે લોકેશનવાળી જગ્યાએ ગયેલ જ્યાં જઇ ગામના માણસો સાથે સંપર્ક સાંધી તેઓને વિશ્વાસમાં લઇ સદરી ભોગ બનનાર તેમજ આરોપીનો ફોટા બતાવી તપાસ તજવીજ કરતાં સદરી આરોપીને તે અંગેની જાણ થઇ જતાં તે ભોગ બનનારને સદર અરંડીયા ગામ તેમજ ધાની વગલીયા ગામ પાસે આવેલ ડુંગરાળ જંગલમાં લઇ નાસી ગયેલ તેમ છતા સદર ઉપરોક્ત પોલીસની ટીમે ગામના બે ચાર માણસોને પોતાની સાથે રાખી જંગલમાં જઇ તપાસ કરતાં સદરી આરોપી તેમજ ભોગ બનનાર બંન્ને જણા મળી આવેલ જ્યાં સદરી આરોપીએ ઝપાઝપી કરી ભાગવાની કોશિષ કરેલ પરંતુ ભાગવામાં સફળતા મળેલ નહી પકડાઇ ગયેલ આ રીતે સદર પોલીસની ટીમે સદરી આરોપીને તેમજ ભોગ બનનારને શોધી કાઢી આરોપી તેમજ ભોગ બનનારને અત્રે અમરાઇવાડી પોલીસ સ્ટેશન લાવી પો.ઇન્સ.શ્રી નાઓને સોંપેલ અને સદરી આરોપીએ ભોગ બનનારને પોતાની સાથે જેટલા પણ દિવસ રાખેલ તેટલા દિવસ દરમ્યાન અવાર નવાત તેણીની મરજી વિરુધ્ધ શરીર સંબધ બાંધી સંભોગ કરેલ હોય જેથી પો.ઇન્સ.શ્રી ઓ.એમ.દેસાઇ અમરાઇવાડી પોલીસ સ્ટેશન નાઓએ જુરી કલમનો ઉમેરોક કરી સદરી આરોપીને ઉપરોક્ત ગુન્હાના કામે પકડી કાયદેસરની કાર્યવાહી કરેલ આમ સદર ગુન્હો દાખલ થયાના ગણતરીના દિવસોમાં જ સદરી આરોપી તેમજ ભોગ બનનાર ફરીયાદીની સગીરવયની દિકરી વૈશાલીને ઉપરોક્ત પોલીસની ટીમે શોધી કાઢી ભોગ બનનારને તેની માતાને પરત સોંપવામાં પ્રશંનીય કામગીરી કરેલ છે.

## ઘરફોડ ચોરીના રીઢા બે આરોપીઓને અમદાવાદ શહેરમાં પ્રવેશતા અટકાવી ચોરીના મુદ્દામાલ સાથે પકડી કરજણ પોલીસ સ્ટેશનનો મિલ્કત સબંધી ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સા. શ્રી તથા ના.પો.કમિ.શ્રી, ઝોન-૬ સાહેબ તથા ઇ.મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા સારૂ કરેલ સુચના અને માર્ગદર્શન હેઠળ આજરોજ પોલીસ ઈન્સપેકટરશ્રી આર.એ.જાદવ સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઈન્સ એ.જી.બ્રિદ સાહેબ તથા અ.હે.કો.ઈન્દ્રજીતસિંહ ભુપતસિંહ બ.નં.૯૫૮૭ તથા અ.હે.કો.અમૃતજી અળખાજી બ.નં.૫૫૬૨ તથા અ.હે.કો. નેભાભાઈ મેરામણભાઈ બ.નં.૭૮૦૭ તથા અ.પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં.૯૯૩૪ તથા અ.પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા અ.પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા અ.પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૯૮૬ તથા પો.કો. મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા પો.કો.ઓધવભાઈ રામજીભાઈ બ.નં.૬૫૩૩ તથા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીગમાં હતા અને પેટ્રોલિંગ દરમ્યાન કલાક ૧૯/૩૦ વાગે નારોલ ગામના નાકા પાસે આવતાં સાથેના અ.હે.કો.ઈન્દ્રજીતસિંહ ભુપતસિંહ તથા અ.પો.કો. કાનાભાઈ સુરાભાઈ નાઓએ સંયુકત બાતમી હકિકત આપેલ કે "બે ઈસમો કોઇ જગ્યાથી ચોરી કરી અગર છળકપટથી કેટલાક ઘરેણાઓ મેળવી એક કાળા કલરની બેગમાં ભરી નારોલ સર્કલ તરફથી પગે ચાલતા આવી અત્રે થઈ નારોલ ગામમાં વેચવા સારૂ નીકળેલ છે જેમાં એક ઈસમે શરીરે સલેટીયા કલરનુ શર્ટ તથા ભુખરા કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે અને ખભે કાળા કલરની બેગ ભરાવેલ છે તથા બીજા ઈસમે શરીરે વાદળી કલરનુ ટી-શર્ટ તથા કલરનુ પેન્ટ પહેરેલ છે" જે બાતમી આધારે સદરી ઈસમોની વોચમાં રહી બે ઈસમો નં.(૧) મોહબત ઉર્ફે મોહવાર સ/ઓફ નારસીંગ જાતે આબલીયાર ઉ.વ.૨૩ ધંધો. મજુરીકામ હાલ રહે, સેકટર-૩૦ જુની ઓફિસ ગાંધીનગર મુળવતન ગામ. કુરતલાવ તા.બોરી થાના.બોરી જી.અલીરાજપુર મધ્યપ્રદેશ તથા નં.(૨) દિનેશ ઉર્ફે દિનુ સ/ઓફ દિતીયાભાઈ જાતે ભુરીયા ઉ.વ.૨૦ ધંધો.મજુરીકામ હાલ રહે, ગામ મોડ જામનગર મુળવતન ગામ.તરશીંગા તા.કુકશી થાના.ટાન્ડા જી.ધાર મધ્યપ્રદેશ નાઓની અંગઝડતી તપાસ કરતા મળી આવેલ ચાંદીના અલગ અલગ ઘરેણાઓ કુલ્લે કિ.રૂ.૬૩૩૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૩ જેની કુલ્લે કિ.રૂ.૩૮૦૦/- તથા રોકડા નાણા કુલ્લે રૂ.૩૫૧૫/- તથા એક લોખંડનુ પ્લાસ્ટીકના હાથાવાળુ ડિસ્મીસ

તથા એક લોખંડનુ ચકરડીપાનુ તથા કાળા કલરની અંગ્રેજીમાં ડેલ લખેલ બેગ મળી આવેલ જે ત્રણેયની કિ.રૂ.૦૦/૦૦ ગણાય તે તમામ મળી કુલ્લે કિ.રૂ.૧૩૬૪૫/- ની મત્તાનો મુદ્દામાલ ધી સી.આર.પી.સી.કલમ.૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી આરોપીઓને તા.૨૦/૦૧/૧૯ ના કલાક ૧૯/૩૦ વાગે **CRPC** કલમ ૪૧(૧)(ડી) મુજબ પકડી અટક કરી ઉપરોકત બંને આરોપીઓની સઘન પુછપરછ કરતાં આરોપીઓએ કરજણમાં આવેલ ગણેશધામ સોસાયટીના બંધ મકાનનુ તાળુ તોડી ચોરી કરેલાની કબુલાત કરતા સદરી બાબતે તપાસ કરતાં કરજણ ટાઉન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.ન.૨૩/૧૯ ઇપીકો કલમ ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો નોંધાયેલ જેથી આરોપીઓને કરજણ પોલીસ સ્ટેશન મોકલી આપવાની તજવીજ કરી ઘરફોડ ચોરીના આરોપીઓને પકડી મિલ્કત સબંધી ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

## ઘરફોડના ગુનાનો ભેદ ઉકેલતી અમરાઈવાડી પોલીસ

ઉપરી અધીકારીઓશ્રી ની સુચના મુજબ પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તા.૨૦/૦૧/૨૦૧૯ ના રોજ સર્વે સ્કોડના પો.સબ.ઈન્સ.ડી.એચ.મકવાણા તથા પો.સબ.ઇન્સ. ડી.આઈ.સોલંકી તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ શોધવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન અમરાઈવાડી પોલીસ સ્ટેશન ફ.ગુર.નં.૧૧/૧૯ ઈપીકો કલમ ૪૫૪ ૪૫૭ ૩૮૦ ૧૧૪ મુજબ ગુનાના આરોપી નં.(૧) હર્ષ ઉર્ફે ગુફુ શીવાભાઇ જાતે ઇંગલે ઉવ.૧૯ રહે. મ.નં.૨૧, આશાદીપનગર, લાલ બંગલા પાસે, અમરાઇવાડી, અમદાવાદ શહેર નં.(૨) વિપુલ ઉર્ફે કિશન વિજયભાઇ જાતે રાજભર ઉવ.૧૯ રહે. ૭૩, ગણેશનગર અજય ટેનામેન્ટ રોડ, રબારી કોલોની, અમરાઇવાડી, અમદાવાદ શહેર નાઓને સદર ગુનાના મુદ્દામાલ મોનીટર નંગ-૧ ડીવીઆર-૧ તથા રોકડા રૂપીયા ૧૬૭૧૦/- સાથે તથા ઇગ્લીશ દારૂની બોટલ નંગ-૦૭ સાથે તા:૨૦/૦૧/૧૯ ના કલાક ૧૭/૧૫ વાગ્યે પકડી અટક કરી ગુનાનો ભેદ ઉકેલી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.